Publication : Prabhat
Date: December 23, 2020

# સોમાણી હોમ ઈનોવેશને હાઈજિન અને ડિસઈન્ફેક્ટન્ટ ક્ષેત્રે પ્રવેશ કર્યો

હિંદવેર એપ્લાયન્સિસના નિર્માતા સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડે હાલમાં ચાલી રહેલી કોવિડ-૧૯ કટોકટીના પ્રતિસાદરૂપે ડિસઈન્ફેક્ટન્ટ પ્રોડક્ટ્સ - હિંદવેર એક્ટિવિઓ ફુડ સ્ટરિલાઈઝર અને હિંદવેર પર્જ સરફેસ ડિસઈન્ફેક્ટન્ટ જનરેટર લોંચ કરીને સેલ્ફપ્રએસેન્શિયલ્સ સેગમેન્ટમાં ઝંપલાવ્યું છે. અનુક્રમે રૂ. ૪૯૯૦ અને રૂ. ૯૯૯૯ની કિંમત સાથે હિંદવેર એક્ટિવિઓ ભારતભરમાં મેટ્રો કેશ એન્ડ કેરી સ્ટોર્સ તથા સામાન્ય રિટેઈલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે તેમજ હિંદવેર પર્જ evok.in, ક્રોમા અને રિલાયન્સમાં ઉપલબ્ધ છે. ટૂંક સમયમાં આ પ્રોડક્ટ્સ ફ્લિપકાર્ટ અને Amazon.in ઉપર પણ ઉપલબ્ધ બનશે.

ગ્રાહકોના આરોગ્ય અને સ્વચ્છતાને ટોચની પ્રાથમિકતા આપતાં કંપનીએ ટેક્નોલોજી પ્રોડક્ટ્સના નિર્માણ માટે તેના આરએન્ડડીમાં રોકાણ કર્યું છે, જેથી ભારતીય ગ્રાહકોને વાઈરસ અને બિમારીઓ સામે ડિસઈન્ફેક્શન ઓફર કરી શકાય.

સોમાણી હોમ ઈનોવેશન લિમિટેડના સીઈઓ અને હોલ ટાઈમ ડાયરેક્ટર રાકેશ કૌલે જણાવ્યું હતું કે, ક્રકોવિડ-૧૯થી માનવીની જીવનશૈલીમાં અભુતપૂર્વ બદલાવ આવ્યો છે. સામાજિક અંતર, માસ્ક અને હાઈજિન આપણા જીવનનો અભિન્ન હિસ્સો બન્યાં છે. ગ્રાહકોની આદતમાં આવેલું પરિવર્તન જળવાઈ રહેશે અને હાઈજિન તરફ સેન્ટિમેન્ટમાં વધારો થતાં ફુડ સ્ટરિલાઈઝર્સ અને સરફેસ ડિસઈન્ફેક્ટન્ટ જનરેટર્સ સહિતની ડિસઈન્ફેક્ટન્ટ પ્રોડક્ટ્સની માગ અને સપ્લાય વચ્ચેની ખાઈ વિશાળ બની છે.

પર્જ સરફેસ ડિસઈન્ફેક્ટન્ટ જનરેટ તમારા ઘર, વાહનો અને ઓફિસના સ્થળને બેક્ટેરિયા અને સૂક્ષ્મજંતુઓ વગેરેથી મુક્ત રાખવા તેમજ તેને સેનિટાઈઝ કરવા માટે વિશેષ પ્રકારે ડિઝાઈન કરાયું છે.

હિંદવેર એપ્લાયન્સિસ ભારતમાં આઈઓટી સક્ષમ કનેક્ટેડ એપ્લાયન્સિસની સૌથી મોટી અને ઝડપથી વૃદ્ધિ સાધતી કન્ઝ્યુમર પ્રોડક્ટ કંપનીપૈકીની એક છે, જે વોટર હીટર્સથી લઈને વોટર પ્યુરિફાયર્સ, એર કૂલર્સ, એર પ્યુરિફાયર્સ, ફેન અને કિચન એપ્લાયન્સિસની વિશાળ શ્રેણી ગ્રાહકોનેઓફર કરે છે.